ગુજરાત રીયલ એસ્ટેટ રેગ્યુલેટરી ઓથોરીટી
ચોથો માળ, સહયોગ સંકુલ,
સેકટર-૧૧, ગાંધીનગર – ૩૮૨૦૧૦
ટેલીફોન નંબર:- (૦૭૯)૨૩૨-૫૮૯૫૯
વેબ સાઈટ -:**https://gujrera.gujarat.gov.in**

ક્રમાંક:ગુજરેરા/હુકમ-૨૭ તા.૦૮/૦૮/૨૦૧૯

# <u>હુકમ-૨૭</u>

ગુજરાત રાજયના કેટલાક વિસ્તારમાં બાંધકામ દર્શાવ્યા સિવાય ફકત પ્લોટિંગના પ્લાન એપ્રુવ થતા ન હતા, તેથી તેવા કેસોમાં પ્લાન રહેણાંકના રોહાઉસ ટાઇપ / બંગલા ટાઇપ / ટેનામેન્ટ ટાઇપ ના હેતુ માટે અથવા ઇન્ડસ્ટ્રીયલ શેડ હેતુના સબ પ્લોટિંગના લે આઉટ/પ્લાન બાંધકામની વિગત સાથે મંજુર કરવામાં આવતા હતા. રેરા ઓથોરીટી દ્વારા આવા કેસોમાં પ્રમોટર્સ તથા એલોટીની એફીડેવીટ મેળવી પ્લોટિંગ તરીકેનું રેરા રજીસ્ટ્રેશન આપવામાં આવતું હતું.

હવે ગુજરાત રાજ્યમાં બાંધકામ પ્લાન મંજુર કરવા માટે ODPS સીસ્ટમ અમલમાં છે. જેથી સમગ્ર ગુજરાતમાં પ્લાન પાસીંગની બાબતમાં એકસુત્રતા જળવાઇ રહે છે.

જેથી રેરા ઓથોરીટી દ્વારા રેરા રજીસ્ટ્રેશન માટે તા.૦૧/૦૮/૨૦૧૯ કે તે પછી ઓનલાઇન એપ્લીકેશનના કેસોમાં નવા રજીસ્ટ્રેશનમાં પ્રમોટરે જો પ્લોટીંગનું વેચાણ કરવું હોય તો "ફકત પ્લોટીંગના પ્લાન (લે-આઉટ)" મંજુર કરાવી અત્રે રજુ કરવાના રહેશે, તો જ પ્લોટીંગનું રજીસ્ટ્રેશન આપવામાં આવશે.

ઉપરોકત નિતીનો અમલ તા.૦૧/૦૮/૨૦૧૯ કે તે પછી કરવામાં આવતી ઓનલાઇન અરજીઓથી કરવાનો રહેશે.

ચેરમેનશ્રી
ગુજરાત રીતલ એસ્ટેટ રેગ્યુલેટરી ઓથોરીટી
ગાંધીનગર